





ચાલે છે સરમુખત્યારી શિસ્તની તિખાસ છે,
કરે ભલે કોઇપણ, 'હું'- પણાની ચિકાસ છે,
ફિકાસ 'સૌ' ચહેરા પર, નિકાસ છે સ્મિતની -
ન-પાણીયા રણે બોદા પ્રચારનો વિકાસ છે..
(વિકાસ-મોડેલ)




મોંઘવારીમાં,
પ્રજા માટે તો રોજ -
ગુડ-ફ્રાઇડે!
(ચઢે છે ક્રોસ પર)

વાગોળે સ્વપ્નાં -
ચૂંટણી પછી પ્રજા -
એપ્રિલ ફૂલ!
(પાણી વિના નવડાવી નાખે)

## ચિંતન

**માના યસ્ય ધરાધરેન્દ્રદુહિતા તાતો મહેશસ્તથા,**
**ભ્રાતા વિઘ્નકુલાન્તકઃ પિતૃસખો દેવો ધનાનાં પતિઃ ।**
**ખ્યાતઃ કૌંચ વિદારણે સુરપતેઃ સેનાગ્રગઃ ષણમુખ**
**સ્તદદૈર્વબલેન કુત્ર ઘટતે નાદ્યાપિ પાણિગ્રહઃ ॥**

'ગિરીરાજ હિમાલયના પુત્રી પાર્વતી જેની માતા છે, મહાદેવ ભગવાન શંકર જેના પિતા છે, ધનના પતિ કુબેર જેના પિતાના મિત્ર છે અને જે પોતે પણ ક્રૌંચ પર્વતને પણ છેદી શકવાની તાકાત ધરાવે છે અને ઇન્દ્રની સેનાના આધિપતિ છે એવા શ્રી કાર્તિક સ્વામી-કાર્તિકેયનું હજુ સુધી પાણી-ગ્રહણ થયું નથી એમાં દુષ્ટ દૈવ - નબળાં નશીબ સિવાય બીજું શું કારણ હોઇ શકે?'

ખૂબ ધનિક અને સાધન સંપન્ન હોવા છતાં જો પૂર્વ જન્મના કર્મોનો સાથ ન હોય અને પૂર્વજન્મોનાં કોઇ કૃત્યો વિક્ષેપ કરતાં હોય તો સુધી દેખાતા માણસની ઊંઘ હરામ થઇ જાય એવા સંજોગો તેના જીવનમાં આવતા હોય છે.

દા.ત. સાધન સંપત્તિવાળાં દંપતિને સંતાનનું સુખ જ ન હોય અથવા એવું ચારિત્ર્યહીન સંતાન હોય કે મા-બાપની ઊંઘ હરામ થઇ જાય - કોઇ ધનિક ને ખાવા-પીવાના ભંડાર ભર્યા પણ પોતાની કાયા અનેક રોગથી પીડાતી હોય એક કોળિયો પણ ખાઇ જ ન શકે.

આને કહેવાય દુર્દૈવની માયા.

## સુવિચાર

- પરિશ્રમ વિના જ આકસ્મિક સફળતા મેળવી લેવાની કલ્પના માત્ર મૂર્ખાઓ જ કરે છે - **કૂપર**
- જે માણસ સવાલ કરે છે એ કદાચ પાંચ મિનિટ માટે મૂર્ખ ઠરે પણ જે પ્રશ્ન નથી કરતો તે તો જિંદગીભર માટે મૂર્ખ ઠરે છે - **કન્ફ્યુશિયસ**
- જયાં અજ્ઞાન જ આશીર્વાદ કે વરદાન સ્વરૂપ હોય ત્યાં અક્કલ દેખાડવી એ મૂર્ખાઇ છે - **ગ્રેવિલ**
- મૂરખ સાથે મૈત્રી એ શરાબી સાથે વિવાદ કરવા જેવું જ છે - **ખલિલ જિબ્રાન**
- જ્ઞાની મૂરખ, અજ્ઞાની મૂરખ કરતાં વધારે મૂરખ હોય છે - **મોલિયેર**
- ડાહ્યો માણસ દુશ્મન પાસેથી જેટલું શીખે છે તેટલું મૂર્ખ માણસ મિત્રો પાસેથી નથી શીખી શકતો - **જોહન બૂક**
- ચિંતા કરવી એટલે ઇશ્વર પરની શ્રધ્ધાનો અભાવ - **માતાજી**

## બોધ કથા

ભણેલા-ગણેલા-અનુભવી-સંસારી સ્મશાનના આઘાતો સહન કરે છે, દુન્યવી દુનિયાના દુઃખો અનુભવે છે, છતાં સંસારનાં મોહ-માયાનો ત્યાગ કેમ નથી કરતાં? - કેશવચંદ્ર સેને **પરમહંસ રામકૃષ્ણને સવાલ કર્યો.**

રામકૃષ્ણ બોલ્યા : ભણવાથી માહિતી મળે જ્ઞાન મળતું નથી, પંડિત હજારો શ્લોક મોઢે બોલી જાય, બ્રહ્મ-પરબ્રહ્મ-ભક્તિ-જ્ઞાન-જેવા વિષયો પર વાદ-વિવાદ કરી શકે પણ મનમાં ભક્તિ અને આચરણમાં શુધ્ધિ ન હોય તો તેનો કોઇ જ અર્થ નથી.

સંગીતનો અભ્યાસક્રમ શીખનાર રાગોનું બંધારણ સારેગમ વગેરે જાણે - કયો રાગ કયારે ગવા - ન ગવાય એ જાણે પણ 'સ્વર' અને લય-તાલ સાથે તેનો કંઠ જ ન હોય તો શું કામનું?


આત્મજ્ઞાન વિનાની વિદ્વતાનો કોઇ જ અર્થ-મતલબ નથી - સમડી આકાશમાંથી શુદ્ધ હવામાં ઉડતી હોય પણ તેની નજર સડેલાં મડદાં પર જ હોય એવું - વૈરાગ્ય - ત્યાગ - જ્ઞાનીની વાતો જાણવી અને આચરણમાં મૂકવી એવો આ તફાવત છે.

# આ બ્લેક એન્ડ વ્હાઇટનાં ચક્કરમાં આખી દુનિયા ફરે છે - બ્લેકના વ્હાઇટ ને વ્હાઇટનાં બ્લેક - આપણે આપણા કેટલાંય વિચારો આ રંગોનાં પરિઘમાં સમાવી દીધા છે અને આ પરિઘ અમાપ છે - અનંત છે...!!

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

## રંગોની બ્લેક એન્ડ વ્હાઇટ દુનિયા : કલરનાં કલર્સ

અદ્દભુત ઘટના ઘટી!! આ વર્ષે રંગોનો તહેવાર હોળી અને વિશ્વ રંગભૂમિ દિવસ બંનેનો યોગ થયો. રંગોનું સ્પેક્ટ્રમ ધરતીથી માંડીને આસમાન સુધી ફેલાઇ ગયું. એકરંગી-મોનોક્રોમિક જીવનનાં



આયામો રંગોથી છલકાઇ ગયા - ભીંસેલી મુઠ્ઠીમાં દબાયેલા ગુલાલનો રંગ એક સાવ અલગ - અલગારી - ઘટમાળોથી દૂર હોય એથી ઘટનાઓ છોડતો ગયોય...

તકરીબન એક કરોડ જેટલા રંગો પારખી શકતી મનુષ્યની આંખ માટે રંગો વિનાની દુનિયા કલ્પના કરવી બેહદ મુશ્કેલ છે. દૃષ્ટિ વિના દુનિયા કેવી? વાસ્તવમાં ખરેખર તો રંગોનું કોઇ ભૌતિક અસ્તિત્વ કે મટિરીયલ એક્ઝિસ્ટન્સ નથી - તે ફક્ત તરંગો છે - વેવ્ઝ છે - પરાવર્તિત કે રિફ્લેક્ટેડ પ્રકાશ છે. સફેદ કિરણ - રક્ત રંગોનું બનેલું છે - એવું શ્રી ન્યુટને સાબિત કર્યું પછી રંગોની દુનિયાનાં રહસ્યો ખૂલતા ગયા... ન્યૂટને કાચના પ્રિઝમ (ગુજ.માં કહો તો ત્રિપાર્શ્વ કાચ) માંથી ગુજરતા સફેદ કિરણ ને સાત રંગોમાં વિખરાતા જોયા હતા. મેઘધનુષનાં સપ્ત રંગો એ વરસાદી બુંદોમાંથી પસાર થયેલાં સૂરજનાં કિરણો જ છે. આખી દુનિયામાં પથરાયેલાં જે રંગો આપણે જોઇએ છીએ તો ચોક્કસ તરંગ લંબાઇનાં પરાવર્તિત કિરણો છે - ધારો કે તમે લાલ રંગનું સફરજન જુઓ છો - પીળા રંગનું કેળું જુઓ છો - ચોકલેટ રંગની કેડબરી જુઓ છો - ત્યારે ખરેખર તો સફરજન લાલ રંગની તરંગલંબાઇ સિવાયનાં તમામ રંગો શોષીને ફક્ત લાલ રંગની તરંગલંબાઇનાં કિરણો પરાવર્તિત કરે છે - પીળા રંગનાં કેળાં કે ચોકલેટ રંગની કેડબરી સાથે પણ આમ જ થાય છે. પરંતુ "બ્લેક એન્ડ વ્હાઇટ" નો કિસ્સો જુદો છે. "બ્લેક", કાળો, શ્યામ, કૃષ્ણ - આમ રંગ ખરો અને આમ નહીં.

કોઇ વસ્તુ કાળી કે - બ્લેક કયારે દેખાય? આ રંગની કોઇ તરંગલંબાઇ છે જ નહીં! આશ્ચર્ય??? કેમ કેઆ રંગ તમામ તરંગલંબાઇનાં કિરણોને શોષી લે છે - એબ્ઝોર્બ કરી નાંખે છે અને એક પણ વેવલેન્થનાં કિરણને છટકવા નથી દેતો.

...પણ કાળો રંગ અદ્દભૂત છે - આંખોની કીકીથી માંડીને સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત એક જ રંગની બાદશાહી છે - તે ગાળો રંગ!! અમર્ત્ય - સનાતન - અંતિમ રંગ!! રાતનાં આસમાનમાં ફેલાયેલો - સાગરની ગહેરાઇઓમાં છુપાયેલો - અજાણી ગુફાઓમાં ઊંધા લટકતા ચામાચીડિયાઓની પાંખો પરથી લસરતો - પડછાયાઓની દુનિયામાં ગહરાતો - આખી રાત સળગ્યા પછી રાખ સાથે બુઝાતો - ખૂબસૂરત આંખોને ઔર ખૂબસૂરત કરતો - ભડકતી મશાલો નીચે જામતો - ડામરની સડકો પર તપતો - મનની ગહેરાઇઓમાં પેદા થતાં ભય સાથે વધુને વધુ કાળો થતો - એકમેક રંગ કાળો રંગ - કાળા ભમ્મર અંતરિક્ષમાં - બ્લેન્ક અને બ્લેક સ્પેસની ભીતર વધુ કાળાશ હોય છે.

ગમે તેવો મોટો સિતારો - પોતાનાં જ કેન્દ્રમાં સિમટીને મોતને ભેટે છે ને પછી જન્મ થાય છે - બ્લેક હોલનો - કૃષ્ણ વિવર - શ્યામ છિદ્ર - એ બિંદુ જેનાં પ્રચંડ ગુરૂત્વાકર્ષણથી ત્રણ લાખ કિમી પ્રતિ સેકન્ડની ઝડપે દોડતું પ્રકાશનું કિરણ પણ છટકી નથી શકતું - બ્લેક ઇઝ એ કલર ઓપ સુપર ગ્રેવિટી - કાળો રંગ કદાચ ગુરૂત્વાકર્ષણની અંતિમ સીમા છે - જેની



ભીતર બહુ તૂટી જાય છે - સમેટાઇ જાય છે - બ્લેક મની, બ્લેક ગોલ્ડ, બ્લેક ફ્રાઇડે... ધ એન ઇઝ એન્ડલેસ.

જયારે વ્હાઇટ - સફેત - શ્વેત - ધવલ - કંઇક જુદો છે - તે બ્લેકના બીજા છેડા પર છે - જયાં તે કોઇ પણ પ્રકારની વેવલેન્થનું એબ્ઝોર્બ નથી કરતો - કોઇ પણ તરંગલંબાઇનું શોષણ નથી કરતો અને પ્રકાશનાં તમામ તરંગો "એઝ ઇટ ઇઝ" પાછા મોકલાવે છે - રિફ્લેક્ટ કરે છે - પરાવર્તિત કરે છે - વ્હાઇટ - એ ટોટલ રિફ્લેકશનની ઘટના છે, બ્લેક એ ટોટલ એબ્ઝોર્બન્સની!! એટલે જ તો જે અજાણ્યું છે - અનનોન છે - છુપાયેલું છે તે બધું જ બ્લેક છે - અને જે જાહેર છે - પ્રકાશિત છે - તે તમામ વ્હાઇટ. જીવન આ બે બિંદુઓ વચ્ચેની વેવલેન્થ છે. જયા રંગો છે પણ ખરા અને નથી પણ ખરાં... અને હોળીમાં રંગોનાં સ્પેક્ટ્રમમાં આ બે રંગ જ ખૂટે છે...

આ બ્લેક એન્ડ વ્હાઇટનાં ચક્કરમાં આખી દુનિયા ફરે છે - બ્લેકના વ્હાઇટ ને વ્હાઇટનાં બ્લેક - આપણે આપણા કેટલાંય વિચારો આ રંગોનાં પરિઘમાં સમાવી દીધા છે અને આ પરિઘ અમાય છે - અનંત છે...!!




દરેકનાં ખિસ્સામાં પોતાનો ગુલાલ છે - દરેકની મુઠ્ઠીમાં ગમતો (કે ના ગમતો) રંગ છે - આંખો પર મનગમતા રંગનાં ચશ્મા છે દુનિયાનો રંગ પણ એમની આંખે જોયેલો રંગો જેવો જ છે - જયાં બહુરંગી દુનિયાનાં રંગો પણ છેવટે એક જ રંગમાં સમેટાઇ જાય છે - પણ છતાં આ રંગોની દુનિયા છે ને દુનિયાનાં રંગો છે - જે વરસતા રહેશે, વરસતાં રહેશે - વરસતા રહેશે - જેને ના ભીંજાવું હોય એમનાં માટે કબ્રસ્તાનો ખાલી જ છે...!!

**- ch9723367947@yahoo.com**

# કાળકા શિખર કયા પર્વત પર આવેલું છે?

### વિષય : ગુજરાતનો કલા વારસો

(૧) અબદાણાનો આશ્રમ કયાં આવેલો છે?
(અ) જૂનાગઢ (બ) જામનગર (ક) અજાર (ડ) વિસાવદર
(૨) સ્વર્ણિમ ગુજરાત ઉજવણીનો લોકો કોણે બનાવ્યો છે?
(અ) શૈલેષ દવે (બ) શૈલેષ યાદવ (ક) શૈલેષ જોશી (ડ) શૈલેષ મોદી
(૩) કયાં જોડકું ખોટું છે?
(અ) સૈફી ટાવર - ખંભાત (બ) રમણલાલ ચોકી - ઈડર
(ક) ભમ્મરિયો કૂવો - મહેમદાવાદ (ડ) બધાં જ સાચાં છે.
(૪) ગુજરાતના કયા સ્પર્ધકે હિમાલયન કાર રેલીમાં ભાગ લીધો હતો?
(અ) ભરત શુક્લ (બ) કમલેશ મહેતા
(ક) ભરત રસિતાલ દવે (ડ) ભરત સોની
(૫) તરણેતરનાં મંદિરનો જીણોદ્વાર કરાવનાર કરણસિંહજી કયાંના રાજવી હતા?
(અ) મોરબી (બ) વાંકાનેર (ક) વઢવાણ (ડ) લખતર
(૬) દેશી રાજયોનાં વિલીનીકરણ વખતે સૌ પ્રથમ રાજય વલ્લભભાઈ પટેલને ચરણે ધરનાર શ્રી કૃષ્ણકુમારસિંહજી કયાનાં રાજવી હતા?
(અ) મોરબી (બ) ભાવનગર (ક) લાઠી (ડ) જામજોધપુર
(૭) કયા શહેરનું જમણ વખણાય છે?
(અ) હળવદ (બ) રાજકોટ (ક) સુરત (ડ) જૂનાગઢ
(૮) ગુજરાતમાંથી ભારતરત્ન મેળવનારમાં કોનો સમાવેશ થતો નથી?
(અ) ગાંધીજી (બ) ગુલઝારીલાલ નંદા
(ક) વલ્લભભાઈ પટેલ (ડ) મોરારજી દેસાઈ
(૯) પારસીઓના અગ્નિમંદિરને શું કહેવામાં આવે છે?
(અ) આતશ (બ) દમખુ (ક) અગિયારી (ડ) દેવળ
(૧૦) ખ્રિસ્તી તીર્થધામ - આરોગ્ય માતાનું મંદિર કયાં આવેલું છે?
(અ) નડિયાદ (બ) બોરસદ
(ક) પેટલાદ (ડ) આણંદ
(૧૧) સરસવણી ગુજરાતના કયા લોકસેવકની જન્મભૂમિ છે?
(અ) ઠક્કરબાપા (બ) રવિશંકર મહારાજ
(ક) પૂજ્ય મોટા (ડ) છોટુભાઈ પુરાણી
(૧૨) કાળકા શિખર કયા પર્વત પર આવેલું છે?
(અ) ગિરનાર (બ) જેસોર (ક) આબુ (ડ) બરડો
(૧૩) કયા મંદિરનાં મુખ્ય દ્વારો સ્વર્ગદ્વાર અને મોક્ષદ્વાર તરીકે ઓળખાય છે?
(અ) ડાકોર (બ) સોમનાથ (ક) શામળાજી (ડ) દ્વારકા
(૧૪) બૌધ્ધ દેવી તારાની મૂર્તિ કયા પર્વત પર આવેલી છે?
(અ) તારંગા (બ) ગિરનાર (ક) ગબ્બર (ડ) ઈડરિયો ડુંગર
(૧૫) સોમનાથમાં સંગમ થતી ત્રણ નદીઓમાં કોનો સમાવેશ થતો નથી?
(અ) કપિલા (બ) હિરણ (ક) સરસ્વતી (ડ) ઓઝન




### ● વિવિધા ●

**વિષય :- વિશ્વની મુખ્ય જાતિઓ**
**જાતિ અને દેશ (અનુક્રમે)**

- અભોર : **અસમ, પૂર્વ ભારત**
- આદિવાસી : **મધ્ય ભારત**
- આફ્રિદી : **પાકિસ્તાન**
- આફ્રિકનેર : **દક્ષિણ આફ્રિકા**
- એન્ગલો સેકસન : **ઓસ્ટ્રેલિયા, અમેરિકા**
- બાંતુલ : **મધ્ય-દક્ષિણ આફ્રિકા**
- બેદાઈન : **અરબસ્તાન, દક્ષિણ આફ્રિકા**
- ભીલ : **મધ્ય ભારત, રાજસ્થાન**
- કાળા જવુ : **કોચી**
- બૉઅર : **દક્ષિણ આફ્રિકા**
- કોસેક : **રશિયાની દક્ષિણ-પૂર્વ સરહદ**
- ક્રોટ : **ક્રોશિયા, સ્લોવેનિયા, યુગોસ્લાવિયા**
- દ્રવિડ : **દક્ષિણ ભારત**
- એસ્કિમો : **ગ્રીનલેન્ડ, આર્કટિક પ્રદેશ**
- ફિલિપીનો : **ફિલીપાઇન્સ**
- ફ્લેમિંગ : **બેલ્જિયમ**
- ગારો : **અસમ**
- ગોરખા : **નેપાલ**
- હમીતી : **ઉ.પૂર્વ-આફ્રિકા**
- હોતેન્તો : **દક્ષિણ-પશ્ચિમ આફ્રિકા**

(વધુ આવતાં અંકે....)

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - કયા કેન્દ્રિય મંત્રીએ મુલાયમસિંહ યાદવ વિરૂધ્ધ વાણીવિલાસ કરતાં સરકાર મુશ્કેલીમાં આવી ગઈ?
જવાબ - કેન્દ્રિય મંત્રી બેનીપ્રસાદ વર્મા

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઈ દરજી : પેથાપુર, મંત્રી. પેસેન્જર એશો.
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) ઋજિત રાવલ : સે-૭ડી
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) રેખા મહેશભાઈ જાદવ : સે-૩૦
(૬) જયેન્દ્ર પ્રસાર એન. પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૭) ગોમતીબેન કનુભાઈ પરમાર : સે-૨ડી, ૧૭૫૭/૨

### ● પૂછું એક સવાલ...?

(૧) ધાર્મિક. એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - જાતક કયા ધર્મનો ગ્રંથ છે?
જવાબ - બૌધ્ધ
(૨) તરલ એ. પટેલ : સે-૧૯થી
પ્રશ્ન - અલ્ઝાઈમ રોગથી માનવ શરીરનું કયું અંગ અસર કરે છે?
જવાબ - મગજ
(૩) વ્યાસ ગુંજન એચ : સે-૧૨થી
પ્રશ્ન - પ્રખ્યાત ટેનિસ ગ્રાઉન્ડ વિમ્બલ્ડન કયાં આવેલું છે?
જવાબ - લંડન
(૪) પરમાર કેતકી સી. : સે-૧૭થી
પ્રશ્ન - કોને ભારતના માર્ટિન લ્યુથર તરીકે ઓળખવામાં આવે છે?
જવાબ - દયાનંદ સરસ્વતી

(અનુસંધાન પાના નં. ૬ પર)

### વાર્તા

એક શિલ્પીએ ત્રણ મૂર્તિઓ બનાવી. ત્રણે એકસરખી હતી. પણ ત્રણએ મૂર્તિઓની રચનામાં ફરક હતો. શિલ્પી આ ત્રણે મૂર્તિઓને લઇને અકબરના દરબારમાં આવ્યો. દરબારમાં આવીને શિલ્પીએ અકબરને કહ્યું, "હજૂર! આ ત્રણેય મૂર્તિઓ દેખાવમાં એક સરખી છે. પણ એ ત્રણેયમાંથી એક જ મૂર્તિ શ્રેષ્ઠ છે. બીરબલ એ મૂર્તિ શોધી આપે તો મને આનંદ થશે."

બીરબલે ત્રણેય મૂર્તિઓ હાથમાં લીધી. એ મૂર્તિઓને આમતેમ ફેરવીને ઘણીવાર સુધી ધ્યાનથી જોતો રહ્યો.

પછી બીરબલે ત્રણે લાંબા અને પાતળાં તાર મંગાવ્યા.




પહેલી મૂર્તિના કાનમાં એણે એક તાર સરકાવ્યો. એ તાર મૂર્તિનાં મોંમાંથી બહાર નીકળ્યો. પછી બીજી મૂર્તિમાંથી સરકાવ્યો. તે તાર મૂર્તિના બીજા કાનમાંથી બહાર નીકળ્યો.

છેલ્લે તેણે ત્રીજી મૂર્તિનાં કાનમાંથી તાર સરકાવ્યો એ તાર સીધો જ મૂર્તિ પેટમાં ઉતરી ગયો.

બિરબલે ત્રીજી મૂર્તિ શિલ્પીના હાથમાં મુકીને કહ્યું, "ત્રણેય મૂર્તિઓમાં આ મૂર્તિ શ્રેષ્ઠ છે."

શિલ્પી હસી પડ્યો અને બિરબલને તેનું કારણ પૂછ્યું.

બિરબલ કહે, "ધારો કે પહેલી મૂર્તિ એ રાજાનો મંત્રી છે. એ તાર એ રાજાની ખાનગી વાત છે. પહેલી મૂર્તિના કાનમાં નાખેલો તાર મોંમાંથી બહાર નીકળ્યો. જે બતાવે છે કે એ મંત્રી રાજયની ખાનગી વાત પણ ગમે તેની સામે બોલી નાખે છે અને રાજયનું નુકસાન કરે છે માટે એ મંત્રી અધમ ગણાય.

બીજી મૂર્તિનાં કાનમાં નાખેલો તાર બીજા કાનમાંથી નીકળ્યો. જે બતોવે છે કે મંત્રી અતિ મહત્વની વાતને ગંભીરતાથી લેતો નથી. એક કાનથી સાંભળીને બીજા કાનથી કાઢી નાખે છે. આ મંત્રી મધ્યમ કક્ષાનો ગણાય."

હવે છેલ્લી મૂર્તિનાં કાનમાં નાખેલો તાર સીધો જ એના પેટમાં ઊતરી ગયો. જે બતાવે છે કે એ મંત્રી રાજયની દરેક ખાનગી વાતને પોતાના પેટમાં સંઘરી રાખે છે. પણ બહાર પાડતો નથી. માટે આ મંત્રી શ્રેષ્ઠ ગણાય. તેથી આ મૂર્તિ શ્રેષ્ઠ છે. શિલ્પી બિરબલનો ખુલાસો સાંભળી ખુશ થઇ ગયો. એ બિરબલને ભેટી પડ્યો. અને ત્રણેય મૂર્તિઓ બિરબલને ભેટમાં આપી દીધી.

### બાળ મિત્રો,

બાળમિત્રો, થોડાક જ દિવસોમાં પરીક્ષા આવી રહી છે. પણ પરીક્ષાથી ડરતા નહીં, પૂરતી મહેનત અને આયોજન દરેક વસ્તુને સરળ બનાવે છે.


પરીક્ષાને આનંદનો ભાગ સમજો. એનાથી ગભરાઓ નહીં.

મહત્ત્વનાં પ્રશ્નો સમજીને તૈયાર કરો. ના આવડે તે શિક્ષકો પાસેથી શીખી લો.

કેમ કે પરીક્ષાની છેલ્લી તૈયારી ખૂબ આયોજનપૂર્વક કરવી પડે. માટે ચિંતા છોડી ખૂબ મહેનત કરવી. અને બરાબર વિચાર કરીને પ્રશ્નપત્રોનાં જવાબો લખવા.

'પરીક્ષા ઝિંદાબાદ' એવાં ઉત્સાહ સાથે પરીક્ષા આપવી.

### નવરાં હો ત્યારે : કયો ટુકડો કયાં ગોઠવશો ?




અહીં તમને દસ આકારો દેખાશે. એમાંથી કેટલાંક નાના આકાર મોટા આકારોમાં બંધબેસતા આવે એમ છે. તમારી નજરને બરાબર ચકાસો. કયો આકાર કયા મોટા આકારમાં 'ફિટ' થશે?

જવાબ : ૧=૫, ૨=૧૦, ૩=૮ ૪=૯, ૬=૭

